# અપ્રમાણ સંપત્તિ કેસમાં જયલલિતા નિર્દોષ

બેંગ્લોર,તા. ૧૧

કર્ણાટક હાઈકોર્ટની ખાસ બેંચે અપ્રમાણ સંપત્તિ કેસમાં આજે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન અને અન્નાદ્રમુકના નેતા જયલલિતાને આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં આજે નિર્દોષ જાહેર કર્યા હતા.ટુંકી સુનાવણી દરમિયાન જ કોર્ટે તેનો ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે આજે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જે. જયલલિલાને આવરી લેતા ૬૬.૬૫ કરોડના ભ્રષ્ટાચારના કેસમાં તેનો ચુકાદો જાહેર કરતાની સાથે જ તેમના સમર્થકોમાં રાહતનુ મોજુ ફેલાઇ ગયું હતુ. કર્ણાટક હાઈકોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને બિલકુલ બદલી નાંખ્યો હતો.હાઈકોર્ટે નિચલી કોર્ટના ચુકાદાને રદ કર્યા બાદ જયલલિતાના મુખ્યમંત્રી તરીકે વાપસીનો તખ્તો ગોઠવાયો છે. જાણકારોનું કહેવું છે કે, તમિલનાડુના મુખ્યમંત્રી પન્નિરસેલવમ હવે રાજીનામું આપશે અને ૨૦મી મે પહેલા જયલલિતા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને કરવામાં આવેલી અરજીમાં ચારેયને દોષિત ઠેરવી દેવા અને જેલની સજા કરવાનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ ચુકાદાની સાથે જ જયલલિતાના જાહેર જીવન માટેનો માર્ગ પણ ખુલી ગયો છે. તેઓ બંધારણીય હોદ્દા પર બેસી શકે છે અને મુખ્યપ્રધાન પણ બની શકે છે. જો નીચલી કોર્ટના ચુકાદાને જાળવી રાખવામાં આવ્યો હોત અથવા તો સજા ઓછી કરાઇ હોત તો પણ જયાની રાજકીય કારકિર્દીનો અંત આવી ગયો હોત. સજા થવાની સ્થિતીમાં જયાઅને અન્યોને શરણાગતિ સ્વીકારવી પડી હોત. જસ્ટીસ સીઆર કુમારસ્વામીની સિંગલ બેંચ દ્વારા સવારે ૧૧ વાગ્યે આ ચુકાદો આપવામાં આવ્યો હતો. જે આરોપોમાં જયલલિતાને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા અને ટ્રાયલ કોર્ટ દ્વારા સજા કરવામાં આવી હતી તે ટકી શકયા નહતા. જયલલિતાની



અરજીને યોગ્ય ઠેરવવામાં આવી હતી. જયલલિતાની હવે ધારાસભ્ય તરીકે વાપસી માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. અન્નાદ્રમુકના ધારાસભ્યો જયલલિતાના આવાસ ઉપર મળ્યા હતા. ગયા વર્ષે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે બેંગલોરમાં ટ્રાયલ કોર્ટે જયલલિતા અને અન્ય ત્રણને અપરાધી ઠેરવ્યા હતા. કોર્ટે જયલલિતાને ચાર વર્ષની જેલની સજા અને ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અન્ય ત્રણને પણ જેલની સજા ફટકારી હતી. આજે ચુકાદો જાહેર કરવામાં આવ્યો ત્યારે જયલલિતા અને તેમના ત્રણ સાથી ચેન્નાઈમાં રહ્યા હતા. ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને કરવામાં આવેલી અરજી પર ફેંસલાને લઈને તમામની નજર પહેલાથી જ હતી. જસ્ટીસ સીઆર કુમારસ્વામીની સ્પેશિયલ વેકેશન સિંગલ બેન્ચ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી. ખાસ અદાલતના જજ જહોન માઈકલ ડી કુનહાએ ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જયલલિતાને આવકના તેમના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવાના મામલામાં દોષિત ઠેરવીને ચાર વર્ષની આકરી જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત જયલલિતા ઉપર ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ સજાની સાથે જ જયલલિતાની મુખ્યમંત્રી તરીકેનો હોદ્દો પણ જતો રહ્યો હતો. જયાને સીધીરીતે જેલમાં લઈ જવામાં આવ્યા હતા. આ ચુકાદાને પડકાર ફેંકીને ચાર દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમના આદેશ બાદ ખાસ બેંચની રચના કરવામા આવી હતી. ગયા વર્ષે ૧૮મી ડિસેમ્બરના દિવસે જયલલિલાને જામીન આપી દેવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે એ વખતે ત્રણ મહિનાની અંદર અપીલ અંગે નિર્ણય કરવા હાઈકોર્ટને આદેશ કર્યો હતો. જસ્ટીસ કુમારસ્વામીએ અપીલ પર સુનાવણી કરી હતી. ૧૧મી માર્ચ સુધી ચુકાદો અનામત રાખ્યો હતો. આજે સવારે ૧૧ વાગે કોર્ટમાં કાર્યવાહી શરૂ થવાની સાથે જ જયલલિતાને મોટી રાહત મળી ગઇ હતી. જયલલિતાની સામે ૧૮ વર્ષ પહેલા આવકથી વધુ સંપત્તિ એકત્રિત કરવાનો મામલો દાખલ કરવામાં આવ્યો હતો.અપ્રમાણ કેસ વર્ષ ૧૯૯૧ અને વર્ષ ૧૯૯૬ વચ્ચેના ગાળાનો છે. એ વખતે તેઓ રાજ્યના પ્રથમ વખત મુખ્યપ્રધાન બન્યા હતા.જયલલિતાની રાજકીય કારકિર્દીમા અનેક ઉતારચઢાવ આવ્યા હતા. તેઓ તમિળનાડુના રાજકારણમાં સૌથી લોકપ્રિય નેતા પૈકીના એક તરીકે રહ્યા છે. જયલલિતા આગામી દિવસોમાં ફરી એકવાર જોરદાર રીતે સક્રિય થઈને પાર્ટીને મજબુત કરે તેવી શકયતા છે. તમિળનાડુની રાજનિતીમાં પણ મોટા ઘટનાક્રમ જોવા મળે તેવી શક્યતા હવે દેકાઇ રહી છે.

## જયલલિતાના સમર્થકો દ્વારા મીઠાઈ વહેંચી ઉજવણી થઈ

બેંગ્લોર,તા. ૧૧

તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી અને અન્નાદ્રમુકના નેતા જયલલિતાને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા બાદ સમગ્ર તમિલનાડુમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. તમિલનાડુમાં લોકોમાં ઉજવણી કરવામાં આવી હતી. જયલલિતાના સમર્થકો મીઠાઈઓ વહેંચવા પણ નિકળી પડ્યા હતા. ચુકાદો આવે તે પહેલાં જ સમર્થકો કોર્ટની બહાર ભેગા થઈ ગયા હતા. જયલલિતા નિર્દોષ છુટી જશે તેવી આશા પહેલાથી જ દેખાઈ રહી હતી. આ ચુકાદાની સાથે જ જયલલિતાની સાથે-સાથે અન્નાદ્રમુકને પણ નવજીવન મળી ગયું છે.

જુદી-જુદી જગ્યાઓએ ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. અન્નાદ્રમુકની ઓફિસોમાં પણ ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. જયલલિતાને લઈને ચુકાદો આવે તેના એક દિવસ પહેલાં તેમના સમર્થકોમાં ચિંતા દેખાઈ રહી હતી. સમગ્ર તમિલનાડુમાં જુદી-જુદી જગ્યાઓએ મંદિરોમાં પૂજા અર્ચના કરવામાં આવી હતી. જયલલિતાને રાહત મળે તે માટે પ્રાર્થનાઓ પણ યોજાઈ હતી. ચુકાદો વિરુદ્ધમાં આવવાની સ્થિતિમાં તેમની રાજકીય કેરિયરનો અંત આવ્યો હોત, પરંતુ નિચલી કોર્ટના ચુકાદાને હાઈકોર્ટે રદ કરી દીધો છે જેથી મોટી રાહત થઈ છે.

## કાશ્મીરમાં ફરી ત્રાસવાદી હુમલો : બે જવાનો શહીદ

શ્રીનગર, તા. ૧૧

જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર અનંતનાગ જિલ્લાના સંગમ વિસ્તારમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો છે જેમાં એક ઓફિસર સહિત સીઆરપીએફના બે જવાનોના મોત થયા છે. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ત્રાસવાદીઓએ શ્રીનગરથી આશરે ૪૦ કિલોમીટરના અંતરે સ્થિત સંગમ વિસ્તારમાં હતમુલ્લા ખાતે સીઆરપીએફ ચોકી ઉપર હુમલો કરી દીધો હતો. સીઆરપીએફના બે જવાનોના આ હુમલામાં મોત થયા હતા. માર્યા ગયેલા જવાનોની ઓળખ કરી લેવામાં આવી છે. જે પૈકી એક આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર ઓમકારસિંહ અને કોન્સ્ટેબલ તિલકરાજનો સમાવેશ થાય છે. સુરક્ષાદળોએ આ હુમલો કરાયા બાદ સમગ્ર વિસ્તારને સીલ કરીને ત્રાસવાદીઓને પકડી પાડવા ઓપરેશન હાથ ધર્યુ હતું. અધિકારીઓનું કહેવું છે કે, આ બનાવની વધુ વિગતો હજુ સુધી પ્રાપ્ત થઈ નથી. સીઆરપીએફના બે જવાનોના મોત થયા બાદ સીઆરપીએફ છાવણીમાં પણ ખળભળાટ મચી ગયો હતો. ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે જોરદાર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

## દાઉદને શોધી કાઢવા અને ભારતને સોંપવા પાકિસ્તાન પર દબાણ : રાજનાથ

નવી દિલ્હી, તા. ૧૧

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ ક્યાં છે તેને લઈને સંસદમાં હાલમાં ભારે હોબાળો થયા બાદ અને ટિકા-ટિપ્પણીનો સામનો કર્યા બાદ સરકારે આજે ભારપૂર્વક કહ્યું હતું કે મુંબઈ બ્લાસ્ટનો માસ્ટર માઈન્ડ દાઉદ પાકિસ્તાનમાં છે અને તેને ન્યાયિક સપાટી પર લાવવા માટે બનતા તમામ પ્રયાસો કરવામાં આવશે. લોકસભામાં કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે નિવેદન કરતાં કહ્યું હતું કે, પાકિસ્તાન ઉપર જોરદાર દબાણ લાવવામાં આવશે. દાઉદ ઈબ્રાહિમને પરત લાવવામાં નહીં આવે ત્યાં સુધી અમે ઝંપીશું નહીં આ મુદ્દા ઉપર પાકિસ્તાન પર તમામ સ્તરે દબાણ લાવવામાં આવ્યું છે. તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે, પાકિસ્તાન તમામ પ્રકારના પુરાવા આપવામાં આવ્યા હોવા છતાં તેના સંદર્ભમાં ગંભીર દેખાઈ રહ્યું નથી અને ભારતને મદદ કરી રહ્યું નથી. દાઉદ ક્યાં છે તે અંગે સરકાર પાસે માહિતી નથી. છેલ્લા સપ્તાહમાં લોકસભામાં આ પ્રકારના ગૃહમંત્રાલયના જવાબથી મોદી સરકારની વ્યાપક ટીકા કરવામાં આવી રહી હતી. રાજનાથસિંહે કહ્યું હતું કે, તેઓ સંપૂર્ણપણે ગંભીરતાને સમજી રહ્યા છે. ટીકા-ટિપ્પણીને શાંત કરતા તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનમાં ઉપસ્થિતિ અંગે ભારત પાસે માહિતી છે. ભારતે પુરાવા આપ્યા છે પરંતુ પાકિસ્તાને શોધખોળ હાથ ધરી નથી.

તેના પાકિસ્તાની પાસપોર્ટની વિગતો પણ પાકિસ્તાનને આપવામાં આવી છે. સાથે-સાથે સમયે સમયે સરનામુ પણ આપવામાં આવ્યું છે. દાઉદને શોધી કાઢવા વારંવાર કહેવામાં આવ્યું છે. ઈન્ટરપોલ દ્વારા રેડકોર્નર નોટિસ પણ તેની સામે જાહેર થયેલી છે જે ૧૯૯૬ બાદથી પેન્ડિંગ છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ખાસ નોટીસ પણ ૨૦૦૬ બાદથી પેન્ડિંગ છે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે પાકિસ્તાન દાઉદને શોધી કાઢી ભારતમાં પ્રત્યાર્પણ કરીને તેને મોકલવા માટે આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબ બંધાયેલું છે.

## યુપીમાં તોયબાના ટોચના આતંકવાદીની અટકાયત

નવી દિલ્હી, તા. ૧૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં લશ્કર-એ-તોયબાના ટોપ ત્રાસવાદીની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા આ ત્રાસવાદીની ધરપકડ કરાઈ છે. ઝડપાયેલો ત્રાસવાદી ઈરફાન તરીકે ઓળખાયો છે. આ ઘટનાક્રમને સમર્થન આપતા દિલ્હીના સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ (સ્પેશિયલ સેલ) એસએન શ્રીવાસ્તવે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે તોયબાનો આ આતંકવાદી હાલમાં જ ઝડપાયો છે. પરંતુ તેની જાહેરાત આજે કરાઈ છે. ઉત્તરપ્રદેશમાં બહારેચમાં ધરપકડ કરાઈ હતી. જોકે, મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તેની જાહેરાત હવે કરાઈ છે. ઈરફાન આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહિદ્દીન માટે પણ અગાઉ કામ કરી ચુક્યો છે. ત્રાસવાદીઓની ભરતી અને અન્ય પ્રવૃત્તિમાં તે સામેલ રહ્યો છે. લશ્કર એ તોયબા, ઈન્ડિયન મુઝાહિદ્દીન ભારતમાં અનેક આતંકવાદી હુમલાઓને અંજામ આપી ચુક્યા છે. આ આતંકવાદી હુમલામાં સેંકડો લોકોના મોત પણ થયા છે. મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી ઝડપાતા દિલ્હી પોલીસને મોટી સફળતા હાથ લાગી હોવાનો દાવો કરાઈ રહ્યો છે.

## જવાનોના નક્સલીના હુમલા કરતા હાર્ટ અટેકથી વધુ મોત

નવી દિલ્હી,તા. ૧૧

તાજેતરમાં જારી કરવામા આવેલા ચોંકાવનારા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નક્સલવાદી પ્રભાવિત વિસ્તારમાં તૈનાત કરવામાં આવેલા સીઆરપીફના જવાનોના મોત નક્સલવાદી હુમલા કરતા હાર્ટ અટેકથી વધારે થયા છે. નક્સલવાદી ગોળીઓ કરતા હાર્ટ અટેકના હુમલામાં મોત વધારે થયા હોવાની વિગત સપાટી પર આવતા તંત્રમાં પણ ભારે ભાગદોડ મચી ગઈ છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૪ વચ્ચેના ગાળામાં હાર્ટ અટેકથી ૬૪૨ જવાનોના મોત થયા છે. જ્યારે નક્સલવાદી હુમલામાં ૩૨૩ જવાનો શહીદ થયા છે. ડિપ્રેશન અથવા તો આત્મહત્યાના કારણે ૨૨૮ જવાનોના મોત થયા છે. જ્યારે મલેરિયાના કારણે પણ ૧૦૮ જવાનના મોત થયા છે. આ આંકડા ચોંકાવનારા છે. છેલ્લા પાંચ વર્ષના રેકોર્ડ પર નજર કરવામાં આવે તો આંકડા ચિંતા ઉપજાવે છે. આ માહિતી આંકડાના આધારે હાલમાં ગૃહ રાજ્ય પ્રધાન હરિભાઈ ચોધરીએ આપી હતી. કોંગ્રેસના નેતા મોતીલાલ વોરાએ જાન્યુઆરી ૨૦૦૯થી ડિસેમ્બર ૨૦૧૪ વચ્ચે નક્સલવાદી પ્રભાવિત વિસ્તારમાં માર્યા ગયેલા સીઆરપીએફના જવાનો અંગે માહિતી માંગી હતી. જેના જવાબમાં આ માહિતી આપવામાં આવી હતી.

મુશ્કેલ સ્થિતીમાં ફરજ બજાવી રહેલા જવાનોના ઉત્સાહને વધારી દેવા કોઈ પગલા લેવામા આવી રહ્યા છે કે કેમ તે અંગે પુછવામાં આવતા ચોધરીએ કહ્યું હતું કે પાંચ વર્ષમાં નક્સલવાદી હુમલામાં ૩૨૩ જવાન શહીદ થયા છે. મલેરિયાથી ૧૦૮ જવાનના મોત થયા છે. સાથે સાથે ચોધરીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલા અંગે પણ માહિતી આપી હતી. ગૃહ રાજ્યપ્રધાને કહ્યું હતું કે સીઆરપીએફના જવાનોની રજાની અરજીને નિશ્ચિત સમયમાં ઉકેલવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ફિલ્ડ ઓફિસરર્સને આદેશ કરવામાં આવ્યા છે કે તેઓ જવાનોની તકલીફને સમજીને તેમને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરે. જવાનોના મનોરજંન માટે પણ વ્યવસ્થા કરવામાં આવે તેવી સુચના પણ આપવામાં આવી છે.

## મોદીની ચીનની યાત્રા પર વિયતનામની પણ નજર

નવી દિલ્હી,તા. ૧૧

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઐતિહાસિક ચીન યાત્રા પર હવે વિયતનામની પણ નજર કેન્દ્રિત થઇ ગઇ છે. વિયતનામે વિવાદસ્પદ દક્ષિણ ચીન દરિયામાં તેની સાર્વભૌમત્વનો ભંગ કરવાની ગતિવિધી જારી રાખવાનો ચીન પર સતત આક્ષેપ કર્યો છે. ચીનની ગતિવિધીથી વિયતનામ ભારે નારાજ છે. વિયતનામ ઈચ્છે છે કે મોદી વાતચીત દરમિયાન ચીન સમક્ષ દરિયાઈ સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવે. વિયતનામની સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ચીન પર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. વિયતનામના વિદેશ સુચના નિર્દેશાલયના મહાનિર્દેશક લી વાન નેમે ભારતીય પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતું કે મોદીની યાત્રાથી અમારી આશા પર જોડાયેલી છે. તેમણે કહ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે સારા સંબંધ રહ્યા છે. ચીને જ્યારે પણ ક્યારે વિયતનામની સાર્વભૌમત્વનો ભંગ કર્યો છે ત્યારે ખાસ કરીને રણનિતીની દ્રષ્ટિએ નવી દિલ્હીએ હમેંશા હનોઇનુ સમર્થન કર્યુ છે. મી ૧૪મી મેના દિવસથી ચીનની ઐતિહાસિક યાત્રા પર રવાના થઈ રહ્યા છે. ચીનની મોદીની યાત્રા અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતુ કે મોદી અને ચીનના ટોપના નેતાઓ વચ્ચે વાતચીત થશે ત્યારે ક્યા મુદ્દા ચમકશે તેમ અંગે તેમની પાસે કોઈ માહિતી નથી પરંતુ અમે આશા રાખી રહ્યા છીએ કે અર્થપૂર્ણ વાતચીત કરવામાં આવે તે જરૂરી છે.નવી દિલ્હી અને વિયતનામ બન્ને માટે ફાયદો થાય તેવા મુદ્દાને હાથ ધરવાની જરૂર છ. ચીને હમેંશા દાવો કર્યો છે કે દક્ષિણ ચીન દરિયો તેના હિસ્સા તરીકે છે. જેનો વિયતનામન, ફિલિપાઈન્સ, મલેશિયા, બુરનઈ અને તાઈવાને હમેંશા વિરોધ કર્યો છે. ચીન અને વિયતનામ વચ્ચે આ મામલે લાંબા સમયથી ખેંચતાણ રહી છે. જે વિવાદ સર્જે છે.

## સંસદ બાદ હવે અમેઠીમાં શાબ્દિક યુદ્ધ થવાના સંકેત

અમેઠી,તા. ૧૧

અમેઠીના સાંસદ રાહુલ ગાંધી અને કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઈરાની બન્ને ખેડુતોને મળવા માટે અમેઠી પહોંચી રહ્યા છે. બન્ને નેતાઓ ખેડુતના મુદ્દા પર વાતચીત કરનાર છે પરંતુ મેઠીમાં ફુડ પ્રોસેસિંગ યોજના રદ થયા બાદ કોંગ્રેસના નિશાન પર ભાજપ છે. સંસદમાં રાહુલ અને ભાજપ વચ્ચે આ મુદ્દાને લઈને જોરદાર શાબ્દિક યુદ્ધની સ્થિતી રહી છે.પરંતુ કોંગ્રેસના નેતાઓને હવે જવાબ આપવા માટે કેન્દ્રિય પ્રધાન સ્મૃત ઈરાની કમર કસી ચુકી છે. સ્થાનિક સ્તર પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર સ્પર્ધા થાય તેવી વકી છે. લોકસભાની ચૂંટણી બાદ બીજી વખત સ્મૃતિ ઈરાની ૧૨મી મેના દિવસે અમેઠી પહોંચી રહ્યા છે. ભાજપના સુત્રોએ



કહ્યુંછે કે તેઓ ૨૫મી મેના દિવસે પણ અમેઠી પહોંચશે. પોતાના કાર્યક્રમ દરમિયાન સ્મૃતિ સંસદીય ક્ષેત્રના ચાર વિધાનસભા ક્ષેત્રમાં જશે. ભાજપ જિલ્લા અધ્યક્ષ દુર્ગેશ ત્રિપાઠીએ માહિતી આપતા કહ્યું છે કે સ્મૃતિ સલોન, તિલોઈ અને અમેઠીમાં ખેડુત પંચાયતમાં ભાગ લેનાર છે. જગદીશપુરમાં તેઓ ૨૫મી મેના દિવસે પહોંચનાર છે. ચર્ચા એવી પણ છે કે ૧૮ અને ૧૯મી મેના દિવસે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી પણ અમેઠી પહોંચનાર છે. રાહુલની યાત્રા બાદ તેમના પ્રશ્નો અને આક્ષેપોનો જવાબ આપવા માટે સ્મૃતિ જગદીશપુર જનાર છે. બીજી બાજુ કોંગ્રેસના જિલ્લા અધ્યક્ષ યોગેન્દ્ર મિશ્ર અને રાહુલ ગાંધીના પ્રતિનિધી ચન્દ્રકાંત દુબેએ માહિતી આપતા કહ્યુંછે કે સ્મૃતિના પ્રવાસ દરમિયાન મેગાફુડ પાર્ક રદ થવાને લઈને કોંગ્રેસના કાર્યકરો તેમની યાત્રાનો વિરોધ કરનાર છે. રાહુલ ૧૮-૧૯મી તારીખે પહોંચશે.

## ઉધમપુરમાં બસ ખીણમાં ખાબકી જતાં ૨૧ના મોત

ઉધમપુર, તા. ૧૧

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં ઊંડી ખીણમાં એક યાત્રી બસ ખાબકી જતાં ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા છે. અન્ય ૩૦ લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાઈ રહી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. યાત્રી બસ લટ્ટી પટ્ટાથી ઉધમપુર તરફ જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરે કાબુ ગુમાવતા આ બસ ઊંડી ખીણમાં



ખાબકી ગઈ હતી. પોલીસ અધિકારી મોહમ્મદ સુલેમાન ચૌધરીએ માહિતી આપતા કહ્યું છે કે, આ બનાવમાં ૨૧ લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા છે. અન્ય ૩૦ લોકો ઘાયલ થયા છે. જે પૈકી ૬ લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે. ૨૧ મૃતદેહો હજુ સુધી હાથ લાગ્યા છે. મૃતકોનો આંકડો વધી શકે છે, કારણકે ઈજાગ્રસ્તો પૈકી છ ગંભીર હોવાનું જાણવા મળેલ છે. ગંભીરરીતે ઘાયલ થયેલા લોકોને સરકારી મેડિકલ કોલેજ (જીએમસી)માં ખસેડાયા છે. આ અકસ્માતની જાણ થયા બાદ તરત જ બચાવ અને રાહતકામગીરી હાથ ધરાઈ હતી. બસ ઊંડી ખીણમાં ખાબકી હોવાથી તરત લોકોને બચાવી શકાયા નહતા, કલાકોનો ગાળો લાગ્યો હતો. જેથી ઘણા લોકોએ દમ તોડી દીધો હતો. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. પરંતુ હજુ સુધી કોઈના નામ પોલીસ પાસે આવ્યા નથી. સ્થાનિક લોકો જ હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળેલ છે.

## ભારત-બાંગ્લા બિલમાં સુધારાને મળેલી મંજુરી

નવી દિલ્હી, તા. ૧૧

રાજ્યસભા દ્વારા ભારત-બાંગ્લાદેશ જમીન સરહદી સમજુતી બિલમાં સુધારાને આજે લીલીઝંડી આપી દેવાઈ હતી. આ સપ્તાહની શરૂઆતમાં જ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યા બાદ આજે વધુ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઉપલાગૃહમાં નજીવા ફેરફાર કરવામાં આવ્યા હતા. જોકે, લોકસભામાં જ્યારે આ બિલ મોકલવામાં આવ્યું ત્યારે બિલની સંખ્યામાં કેટલીક ભુલો રહેલી હતી. છઠ્ઠી મે ૨૦૧૫ના દિવસે રાજ્યસભા દ્વારા આ બિલને પસાર કરવામાં આવ્યું હતું. લોકસભામાં ૭મી મેના દિવસે બેઠક યોજાઈ હતી જેમાં બિલની જોગવાઈ-૩માં સુધારા સાથે બિલને મંજુરી અપાઈ હતી. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે સુધારા બિલ રજુ કર્યું હતું. વિપક્ષી નેતા ગુલામનબી આઝાદે કહ્યું હતું કે, નજીવી ભુલો ગૃહને મુશ્કેલીમાં મુકી શકે છે. આ ખૂબ જ મહત્વપૂર્ણ બિલ છે.

**પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવાનો મામલો**

## કેજરીવાલને ૧૫મીએ કોર્ટ સમક્ષ હાજર થવાનો હુકમ

નવી દિલ્હી,તા. ૧૧

દિલ્હીની અદાલતે પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા બદલ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને એએપીના અન્ય ચાર નેતાઓને તેની સમક્ષ ઉપસ્થિત થવા માટે આદેશ કર્યો છે. ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં વિરોધ પ્રદર્શન દરમિયાન પ્રતિબંધાત્મક આદેશોનો તેમના દ્વારા ભંગ કરવામાં આવ્યો હતો. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ આકાશ જૈને અરવિંદ કેજરીવાલ, નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રાખી બિરલા અને સોમનાથ ભારતી તેમજ પાર્ટી નેતા આશુતોષને સુનાવણીની આગામી તારીખે તેમની સમક્ષ ઉપસ્થિત થવા આદેશ કર્યો છે. આરોપીઓ સુનાવણીની છેલ્લી તારીખે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયા નહતા. તે બાબતની નોંધ લઈને મેજીસ્ટ્રેટ દ્વારા આ મુજબનો આદેશ કરવામાં આવ્યો છે.

એએપીના નેતાઓ તરફથી



ઉપસ્થિત રહેલા એડવોકેટ રિષીકેશ કુમારે તેમની અંગત હાજરીમાંથી મુક્તિ આપવાની માંગ કરીને અરજી કરી છે અને કોર્ટે ખાતરી આપી છે કે, સુનાવણીની આગામી તારીખના દિવસે તેઓ કોર્ટમાં હાજર રહેશે. રેલવે ભવનની બહાર દેખાવ દરમિયાન પાંચથી વધુ લોકોને એકત્રિત કરીને પ્રતિબંધાત્મક આદેશોનો એએપીના નેતાઓ દ્વારા ખુલ્લો ભંગ કરવામાં આવ્યો હતો. એએપીના નેતાઓએ પોલીસ જવાનો સામે પગલા લેવાની માંગ પણ કરી હતી. પોલીસ જવાનોએ જાન્યુઆરી ૨૦૧૪માં દક્ષિણ દિલ્હીમાં ડ્રગ્સ અને પ્રોસ્ટીક્યુશન રેકેટના સંદર્ભમાં દરોડો પાડવાનો ઈન્કાર કર્યા બાદ પોલીસ જવાનો સામે પગલા લેવાની માંગ કરીને આ દેખાવ કરાયા હતા. પોલીસ ચાર્જશીટમાં જણાવાયું છે કે એએપીના નેતાઓ હજુ પણ ગેરકાયદે પ્રવૃત્તિમાં જોડાઈ રહ્યા છે. જાહેર ફરજ અદા કરવાથી પોલીસને રોકી રહ્યા છે. તમામ આરોપીઓ હાલમાં જામીન પર રહ્યા છે.૧૫મી મેના દિવસે સુનાવણી ઉપર હવે એએપીના સભ્યોની નજર રહેશે.

**કેગ અહેવાલને લઈ ગડકરી મુશ્કેલીમાં**

## ગડકરીની હકાલપટ્ટીની કોંગ્રેસ દ્વારા માંગણી થઈ

નવી દિલ્હી, તા. ૧૧

રાજ્યસભામાં આજે કેગના અહેવાલને લઈને ભારે ધાંધલ ધમાલ થઈ હતી. કેગના અહેવાલના મુદ્દે કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરીના રાજીનામાની કોંગ્રેસ દ્વારા જોરદાર માંગ કરાઈ હતી. નરેન્દ્ર મોદી સરકાર ઉપર જીએસટી બિલને લઈને પણ આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસના સાંસદોએ નિતિન ગડકરીને આજે ટાર્ગેટ બનાવ્યા હતા. સામાન્ય કામગીરી માટે ઉપલાગૃહમાં બેઠક શરૂ કરતાની સાથે જ તેમના પૂર્તી ગ્રુપ દ્વારા નાણાકીય ગેરરિતીને લઈને ગડકરી ઉપર આક્ષેપો કરાયા હતા. કોંગ્રેસ સભ્યોએ એનડીએ સરકારમાંથી ગડકરીની હકાલપટ્ટીની માંગ કરી હતી. નેશનલ ઓડિટરના અહેવાલને ટાંકીને તેમના ઉપર આક્ષેપો કરાયા હતા. અહેવાલમાં જણાવાયું છે કે, પુર્તી ગ્રુપ દ્વારા નાણાકીય ગેરરિતી આચરવામાં આવી છે. જોકે, ગડકરીએ કોઈપણ ખોટું કામ કર્યું હોવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, તમામ લોનની ફેરચુકવણી કરી દીધી છે. જો કોઈ ગેરરિતી દેખાશે તો કાયદો પોતાની રીતે કામ કરશે. કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ અગાઉ કહ્યું હતું કે, તેઓને પુર્તી કંપનીના મુદ્દે રાજ્યસભામાં નોટિસ આપવામાં આવી છે. કેગના અહેવાલને લઈને ભારે હોબાળો થયો હતો. રાજ્યસભામાં શુક્રવારે કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. ગડકરીની હકાલપટ્ટીની માંગણી કરવામાં આવી હતી.